વિનોદ મૈસુરીયા

માંગરોળ પંથકમાં પ્રસ્તાવિત રેલવે લાઈન સામે વિરોધ

વાંકલ: માંગરોળ તાલુકામાં પ્રસ્તાવિત રેલવે લાઈન હાઈવેના વિરોધમાં ફરી એકવાર અસરગ્રસ્ત ખેડૂતો રસ્તા પર ઊતર્યા હતા. ઝંખવાવ ગામના અસરગ્રસ્ત ખેડૂતોએ માંગરોળ ખાતે વિરોધ નોંધાવ્યો હતો. અસરગ્રસ્ત ખેડૂતોના જણાવ્યા મુજબ આ પ્રોજેક્ટને કારણે 26 કુટુંબના કુલ 94 લોકોનાં 17 જેટલાં ઘરો વિસ્થાપિત થવાની સ્થિતિ ઊભી થઈ છે. જેના કારણે ગામલોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. વિરોધ દરમિયાન બાળકો, મહિલાઓ અને ખેડૂતોએ હાથમાં પ્લેકાર્ડ અને બેનરો લઈ સૂત્રોચ્ચાર કર્યાં હતાં. મોસાલી બજારથી માંગરોળ મામલતદાર કચેરી સુધી રેલી યોજીને પ્રોજેક્ટ સામે વિરોધ વ્યક્ત કર્યો હતો.

આંદોલનકારીઓએ રાષ્ટ્રપતિને સંબોધીને માંગરોળ મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું. રેલવે હાઈવે પ્રોજેક્ટ રદ કરવાની માંગ સાથે સરકાર પાસે યોગ્ય નિર્ણય લેવા અપીલ કરી હતી.

ભરૂચમાં 10 લાખ લીટર પાણીનો બગાડ

ડુંગરી વિસ્તારમાં બનેલી નવી ટાંકીના મુખ્ય વાલ્વ બગડી જતાં લાખો લીટર પાણી રોડ-ગટરમાં વહી ગયું!

ભરૂચ: ભરઉનાળામાં "પાણી બચાવો" અભિયાન ચાલતું હોય ત્યારે ક્યાંક વાલ્વની ક્ષતિને લઈને આખરે ભરેલી ટાંકી ખાલી થવાનો વારો આવ્યો છે.

હાલમાં ભરૂચના ડુંગરી વિસ્તારમાંથી નવી ટાંકીમાં મેઈન વાલ્વ ખરાબ થતાં તેમાં ભરેલું પીવાનું પાણી વહી ગયું છે અને શુદ્ધ પાણી આખરે ગટરમાં વહીને જતું રહ્યું છે.

ભરૂચ નગરમાં ડુંગરી વિસ્તારમાં આવેલા શહેરીજનો માટે પાણીથી તૃપ્ત થવા અંદાજે રૂ.2 કરોડના ખર્ચે નવી પાણીની ટાંકીએ આકાર લીધો છે. પાણી ભરેલી ટાંકીને અટકાવવાના કોઈ સંજોગો ન હોવાથી લગભગ 10 લાખ લીટરમાંથી ઘણું પાણી રોડ અને ગટરમાં વહી ગયું છે. જો કે, ટાંકીમાં પડેલું પાણી તેને વાળવા માટે તંત્ર પાસે કોઈ વિકલ્પ ન હતો. જેના કારણે રસ્તા પર પાણી વહેતા જાણે તળાવો બની ગયાં હતાં. રસ્તા પર પાણી ફરી વળતા વાહનચાલકો અને રાહદારીઓ મુશ્કેલીમાં મુકાયા હતા.

જેને કારણે તંત્ર સામે નારાજગી દેખાઈ રહી છે અને રોષ વ્યક્ત કરતા કહે છે કે ઉનાળામાં અમૃત જેવું પાણી વાલ્વ લીકેજને કારણે વેડફાઈ ગયું છે. જો ટાંકી ખાલી થતાં અને રિપેરિંગમાં સમય જતા આ વિસ્તારનાં લોકોને પાણી માટે તકલીફો ઊભી થશે એવી સ્થિતિ છે.

આ બાબતે ભરૂચ પાલિકાના મુખ્ય અધિકારી અગ્રવાલે ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, ડુંગરી વિસ્તારની ટાંકીનો મુખ્ય વાલ્વ ખરાબ થઈ ગયો છે.

મુખ્ય વાલ્વ બગડેલો હોવાથી ટાંકીમાં ભરેલું પાણી નીકળી રહ્યું છે. જે વાલ્વ રિપેર બાદ પ્રશ્ન હલ થઇ જશે.

ઉશ્કેર-રામકુંડ ગામે બોલાચાલી બાદ મારામારી, 4 સામે ફરિયાદ

માંડવી: માંડવીના ઉશ્કેર-રામકુંડ ગામે ફળિયામાં મોટરસાઇકલ ઝડપથી ચલાવવાના મુદ્દે બોલાચાલી થતાં મામલો મારામારી સુધી પહોંચ્યો હતો. આ બનાવ અંગે ચાર વ્યક્તિ સામે ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ શરૂ કરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સરફરાજ મોહમદ કડીવાલા (ઉ.વ.૩૮) (રહે.,ઉશ્કેર-રામકુંડ) કીમ ચોકડી વિસ્તારમાં આવેલ પરફેક્ટ ઓટો ગેરેજ ચલાવે છે, તેઓએ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, તા.૮ માર્ચ, ૨૦૨૬ના રોજ સાંજે આશરે પોણા છ વાગ્યે તેમના ફળિયામાં રહેતા અનિશ ઈસ્માઈલ કડીવાલા મોટરસાઇકલ ઝડપથી લઈ જઈ રહ્યા હતા. ફળિયામાં નાનાં બાળકો રમતાં હોવાથી સરફરાજના કાકાભાઈ ઈમરાનભાઈની પત્ની રૂકૈયાબાનુએ તેમને ધીમે વાહન ચલાવવા જણાવ્યું હતું. આ વાતને લઈ અનિશ ઈસ્માઈલ કડીવાલા ઉશ્કેરાઈ જતા બોલાચાલી શરૂ થઈ હતી. દરમિયાન તોસીફ ઈસ્માઈલ કડીવાલા, આસીફ ઈસ્માઈલ કડીવાલા અને ઈસ્માઈલ અહમદ કડીવાલા પણ ત્યાં આવી પહોંચ્યા હતા. આરોપ છે કે ચારેયે મળી ગાળો બોલી સરફરાજ કડીવાલા તથા ઈમરાનભાઈ સાથે ઝપાઝપી કરી હતી. મારામારી દરમિયાન સરફરાજ કડીવાલા, ઈમરાનભાઈ તેમજ વચ્ચે પડવા આવેલા સરફરાજના પિતા મોહમદ કાસમ કડીવાલાને શરીરના વિવિધ ભાગોમાં ઈજાઓ પહોંચી હતી. હોબાળો થતાં ફળિયાના લોકો એકત્ર થઈ ઝઘડો છૂટો પાડ્યો હતો. ફરિયાદ મુજબ આરોપીઓ જતા-જતા ફરી નામ લેશો તો જાનથી મારી નાંખવાની ધમકી આપી ત્યાંથી નીકળી ગયા હતા. આ બનાવ અંગે પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

મોંઘવારી વિરુદ્ધ ગેસ બોટલ અને તેલના ડબ્બા સાથે કોંગ્રેસનો હલ્લો

કડોદરામાં જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવવધારા સામે આક્રમક વિરોધ

ઈલ્યાસ શેખ

પલસાણા: કડોદરા ખાતે જિલ્લા મહિલા કોંગ્રેસ સમિતિ દ્વારા વધતી જતી મોંઘવારી અને જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવવધારા સામે આક્રમક વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જિલ્લા મહિલા કોંગ્રેસ સમિતિના નેતૃત્વમાં આયોજિત આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મહિલા કાર્યકરોએ કડોદરા ચોકડી પર એકઠા થઈ ભાજપ સરકાર વિરુદ્ધ ભારે સૂત્રોચ્ચાર કર્યા હતા.

વિરોધના અનોખા અંદાજમાં મહિલાઓએ ગેસના ખાલી બાટલા અને તેલના ડબ્બા રસ્તા પર ફેંકી પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો. આ તબક્કે કાર્યકરોએ સરકાર વિરોધી પૂતળા દહન પણ કર્યું હતું. હાય રે ભાજપ હાય હાયના નારાઓથી કડોદરા ચોકડી ગૂંજી ઊઠી હતી. વિરોધ પ્રદર્શન બાદ કડોદરા ચોકડીથી નગરપાલિકા સુધી એક વિશાળ રેલી કાઢવામાં આવી હતી. આ પ્રસંગે કોંગ્રેસ અગ્રણી પ્રકાશ પાટીલે સરકાર પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, છેલ્લા એક સપ્તાહમાં જ ખાદ્ય તેલના ભાવમાં ડબ્બે 200થી 500 રૂપિયાનો તોતિંગ વધારો થયો છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે સરકાર ખેડૂતો પાસેથી સસ્તા ભાવે ખરીદી કરી સામાન્ય જનતા પર મોંઘવારી લાદી રહી છે. જો આગામી દિવસોમાં ભાવવધારો પાછો ખેંચવામાં નહીં આવે તો આંદોલનને વધુ ઉગ્ર બનાવવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી. આ પ્રદર્શનમાં મોંઘવારીની સાથે 33% મહિલા અનામત બિલનો તાત્કાલિક અમલ કરવાની પણ મુખ્ય માંગણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સુરત જિલ્લા મહિલા મોરચાના પ્રમુખ નીતુસિંહ રાજપૂત, પલસાણા તાલુકા મહિલા પ્રમુખ, કડોદરા ચલથાણ નગર પ્રમુખ જીવણભાઇ વાદી, મહામંત્રી પંકજ પાટીલ, રણજીતસિંહ અને યૂથ કોંગ્રેસ પ્રમુખ પ્રમોદ શર્મા સહિતના અનેક આગેવાનો અને કાર્યકરો જોડાયા હતા. કોંગ્રેસે સ્પષ્ટ કર્યું હતું કે જનતાના હિત માટે મોંઘવારી સામેની આ લડત ચાલુ રહેશે.

દહેજ દરિયા તટ પર ફસાયેલી બે ડોલ્ફિનને નવજીવન મળ્યું

ઓટના ઓથારમાં ફસાયેલી બે ડોલ્ફિન માટે શ્રમિકો તારણહાર બન્યા

ભરૂચ: વાગરાના દહેજ દરિયા કાંઠે આજે ઉદ્યોગોના ઘોંઘાટ વચ્ચે માનવીય સંવેદનાનો એક એવો મધુર સૂર રેલાયો હતો. દહેજના દરિયાકિનારે ઓટના કારણે મોતના મુખમાં ફસાયેલી બે ડોલ્ફિન માટે 'અલ હૈદરી' મોટર લોન્ચના શ્રમિકો સાક્ષાત દેવદૂત બનીને પ્રગટ્યા હતા. કુદરતી ક્રમ મુજબ દરિયાના પાણી ઓસરતા જ કિનારાની છીછરી ખાડી અને કાદવમાં ફસાઈ ગયેલી આ મહાકાય ડોલ્ફિન શ્વાસ લેવા માટે તરફડી રહી હતી, ત્યારે બિરલા કોપર જેટ્ટી પાસે કાર્યરત શ્રમિકોએ પોતાના જીવના જોખમે આ જળચર જીવોને નવજીવન અર્પીને જીવદયાનું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

સોમવારના રોજ વહેલી સવારે દહેજના દરિયા કાંઠે ઓટ થતા પાણી ઝડપથી ઓસરી ગયું હતું, જેના કારણે બે ડોલ્ફિન દરિયાના ઊંડા પાણીમાં પરત ફરી શકી નહોતી અને કાદવના ગારામાં જીવલેણ રીતે ફસાઈ ગઈ હતી. આ દૃશ્ય જોતા જ 'મોટર લોન્ચ અલ હૈદરી' પર ફરજ બજાવતા ખલાસી શબ્બીરભાઈ સોઢા અને તેમના સાથીદારોએ તુરંત જ બચાવ કામગીરી શરૂ કરી હતી. ધોમધખતા તાપમાં ઘૂંટણસમા કાદવમાં ઊતરીને શબ્બીરભાઈએ અત્યંત કુશળતાપૂર્વક બંને ડોલ્ફિનને નરમ દોરડાથી બાંધી હતી અને અન્ય સુરક્ષાકર્મીઓ તથા શ્રમિકોની મદદથી તેમને ધીમે ધીમે ખેંચીને દરિયાના ઊંડા અને સુરક્ષિત પાણી સુધી પહોંચાડી હતી.

જે ક્ષણે આ બંને ડોલ્ફિન મુક્ત થઈને ફરીથી દરિયાની લહેરોમાં કિલ્લોલ કરતી વિહરવા લાગી, ત્યારે કિનારે ઊભેલા તમામ લોકોનાં હૃદય હર્ષથી ઉભરાઈ ગયાં હતાં.

સંક્ષિપ્ત સમાચાર

કામરેજના ગાયપગલા તીર્થ સ્થાને નવનિર્મિત મંદિરોનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

વિશાલ પટેલ

કામરેજ: તાપી કિનારે ધોરણપારડી સ્થિત ૫૦૦૦ વર્ષ પ્રાચીન ગાયપગલા તીર્થ ખાતે શંખેશ્વર મહાદેવ સહિતના મંદિરોનો ત્રિદિવસીય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ૬થી ૮ માર્ચ દરમિયાન ભક્તિભાવપૂર્વક ઉજવાયો હતો. પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અને દાતાઓના સહયોગથી આ ભવ્ય જિર્ણોદ્ધાર થયો છે. આ પ્રસંગે વિધાનસભા ઉપાધ્યક્ષ પૂર્ણેશભાઈ મોદી, મંત્રીઓ ડો.જયરામભાઈ ગામીત, પ્રફુલભાઈ પાનસેરીયા, સાંસદ પ્રભુભાઈ વસાવા, ધારાસભ્ય સંદીપભાઈ દેસાઈ, ભાવિનીબેન પટેલ, રેખાબેન પટેલ અને સંગઠનના અગ્રણીઓ ભરતભાઈ રાઠોડ તથા સુરત જિલ્લા ભાજપ સંગઠનના મહામંત્રી અંકુરભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. મહામંડલેશ્વર નિત્યાનંદ સ્વામી, દાનભા બાપુ, ધ્રુવદાસ બાપુ અને અવી રામદાસજી મહારાજ સહિતના સંતોએ આશીર્વચન પાઠવ્યા હતા. અંદાજે ૩૦,૦૦૦ શ્રદ્ધાળુઓએ મહાપ્રસાદીનો લાભ લીધો હતો. દત્તાત્રેય દેવાલય ટ્રસ્ટે સરકાર અને તમામ સહયોગીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

અંબિકાના કોસ ગામે લાઈબ્રેરીનું ઉદ્ઘાટન

સલીમ દિવાન

ભોરિયા: અંબિકા તાલુકાના કોસ ગ્રામ પંચાયત દ્વારા નવનિર્મિત લાઈબ્રેરીનું મહુવા વિધાનસભાના ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત સભ્ય સંગીતાબેન આહિર, તાલુકા પંચાયત સામાજિક ન્યાય સમિતિનાં અધ્યક્ષા રમીલાબેન ખંડુભાઈ પટેલ, ગામની શાળાના ભૂતપૂર્વ આચાર્ય રહેલા અને હાલ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી પીયૂષભાઈ ગામીત, કોસ ગામના સરપંચ મહેશભાઈ પટેલ, આગલધરા ગામના સરપંચ મીનાક્ષીબેન પટેલ, ગામના આગેવાન બાલુભાઈ પટેલ, કપિલભાઈ પટેલ, આંગલધરાના આગેવાન અમરતભાઈ પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં.

હિતેશ પટેલ

માંડવી પાલિકા ગ્રાઉન્ડ ખાતે વિરાટ હિન્દુ ધર્મસભા યોજાઈ

માંડવી: માંડવીના પાલિકા ગ્રાઉન્ડ ખાતે વિરાટ હિન્દુ ધર્મસભાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ધર્મસભામાં પ્રખર હિન્દુ વક્તા ટાઈગર રાજાસિંહ મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે ઉપસ્થિત જનમેદનીને સંબોધી સનાતન ધર્મ અને સંસ્કૃતિના સંરક્ષણ માટે હાંકલ કરી હતી. કાર્યક્રમની શરૂઆતમાં ધર્મસભાના કન્વીનર મિહિરભાઈ વસાવાએ ઉપસ્થિત મહેમાનો અને આગેવાનોનું સ્વાગત કર્યું હતું. આ અવસરે તેમણે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ઉપસ્થિત બહેનોને શુભેચ્છાઓ પાઠવી હતી.

મુખ્ય વક્તા તરીકે સંબોધન કરતાં ટાઈગર રાજા સિંહે જણાવ્યું હતું કે, હિન્દુ સમાજ સનાતન ધર્મ, સંત પરંપરા અને સંસ્કૃતિને જાળવી રાખતો સમાજ છે. તેમણે આદિવાસી સમાજને ભગવાન બિરસા મુંડાના અનુયાયી અને પ્રકૃતિ પૂજક ગણાવતા જણાવ્યું હતું કે આદિવાસી સમાજ અને સનાતન સંસ્કૃતિને નુકસાન પહોંચાડવાનો કોઈ પ્રયાસ કરવામાં આવશે તો તેને સહન કરવામાં આવશે નહીં.

આ ધર્મસભામાં સુરત જિલ્લો તથા તાપી જિલ્લો સહિત આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં હિન્દુ કાર્યકર્તાઓ અને સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વિશેષ ઉપસ્થિત તરીકે સાંસદ પ્રભુભાઈ વસાવા તથા ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિ, જિલ્લા મહામંત્રી જગદીશભાઈ પારેખ હાજર રહ્યા હતા.

ઉમરાખના શ્રી ઉમેશ્વર મહાદેવ ટ્રસ્ટના જમીન કૌભાંડમાં નોટિસ

કીમતી જમીન ચેરિટી કમિશનરની પૂર્વ મંજૂરી વિના અને વર્તમાન ટ્રસ્ટીઓને અંધારામાં રાખીને વેચી દેવાયાના આક્ષેપ

બારડોલી: બારડોલીના ઉમરાખ ગામમાં આવેલ શ્રી ઉમેશ્વર મહાદેવ ટ્રસ્ટની માલિકીની જમીન મામલે મોટું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાના આક્ષેપો સાથે સમગ્ર પંથકમાં ખળભળાટ મચી ગયો છે. મુંબઈ ચેરિટી ટ્રસ્ટ અધિનિયમ ૧૯૫૦ હેઠળ નોંધાયેલા આ ટ્રસ્ટની કીમતી જમીન ચેરિટી કમિશનરની પૂર્વ મંજૂરી વિના અને વર્તમાન ટ્રસ્ટીઓને અંધારામાં રાખીને વેચી દેવામાં આવી હોવાની વિગતો પ્રકાશમાં આવી છે.

મળતી માહિતી મુજબ, આ જમીન ભાજપના એક વગદાર નેતાના નજીકના સંબંધીના નામે દસ્તાવેજ કરી દેવામાં આવી છે અને હાલ તેનો કબજો પણ તેમના દ્વારા જ ભોગવવામાં આવી રહ્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

રાજકીય વગનો ઉપયોગ કરી ટ્રસ્ટની મિલકત હડપવા માટે આ સુનિયોજિત કાવતરું રચાયું હોવાનું ચિત્ર સ્પષ્ટ થઈ રહ્યું છે.

આ ગંભીર પ્રકરણ બાબતે કોંગ્રેસના મહિલા નેતા સ્વાતિબેન પિનલકુમાર પટેલ દ્વારા સુરત ચેરિટી કમિશનર સમક્ષ ન્યાયની માંગણી કરવામાં આવી છે. તેમણે આ મામલે વચગાળાના મનાઈ હુકમની માંગ સાથે જવાબદાર ટ્રસ્ટીઓ અને દસ્તાવેજ કરી લેનાર તમામ પક્ષકારો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ ફરિયાદને ગંભીરતાથી લઈ ચેરિટી કમિશનરની કોર્ટે તમામ સંબંધિત પક્ષકારોને નોટિસ ફટકારી છે. આગામી તા.૧૨/૩/૨૦૨૬ના રોજ તમામ પ્રતિવાદીઓને જરૂરી દસ્તાવેજી પુરાવાઓ સાથે કોર્ટમાં હાજર રહેવા ફરમાન કરવામાં આવ્યું છે. મંદિરની મિલકતના રક્ષણ માટે ઉઠાવવામાં આવેલા આ કડક પગલાને પગલે સ્થાનિક રાજકારણમાં પણ ગરમાવો જોવા મળી રહ્યો છે.

ચાલતી ટ્રેનમાં ચડતા યુવતી ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચે ફસાઈ

ભરૂચ રેલવે પોલીસની સતર્કતાથી મુસાફરનો જીવ બચ્યો

ભરૂચ: ભરૂચ રેલવે સ્ટેશન પર એક યુવતી ચાલતી ટ્રેનમાં ચડવાના પ્રયાસ દરમિયાન પ્લેટફોર્મ અને ટ્રેનની વચ્ચે ફસાઈ ગઈ હતી. રેલવે પોલીસના જવાનની તાત્કાલિક સૂઝ અને બહાદુરીને કારણે આ યુવતીનો જીવ બચી ગયો હતો. આ ઘટના શનિવારે સાંજના સમયે પ્લેટફોર્મ નંબર-3 પર બની હતી. ટ્રેન નં.20921 લખનઉ વીકલી સુપરફાસ્ટ એક્સપ્રેસ ઉપડવાની તૈયારીમાં હતી. ત્યારે આશરે 19 વર્ષીય એક યુવતી ટ્રોલી બેગ, પીઠ બેગ અને અન્ય સામાન સાથે ઉપડતી ટ્રેનના જનરલ ડબ્બામાં ચડવા દોડી. ચડવાના ઉતાવળા પ્રયાસમાં તેણે સંતુલન ગુમાવ્યું અને ટ્રેન તથા પ્લેટફોર્મ વચ્ચેના ખતરનાક ગાળામાં સપડાઈ ગઈ હતી. આ દારુણ સ્થિતિ જોઈને આસપાસના મુસાફરોમાં ચિત્કાર થઈ ગયો હતો. તે જ સમયે ત્યાં હાજર રહેલા ભરૂચ રેલવે પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઇન્સ્પેક્ટર એસ.કે.રાણાએ ઝડપભેર પોતાની સૂઝનો પરિચય આપ્યો હતો. તેમણે તરત જ આગળ વધીને યુવતીનો હાથ પકડી લીધો અને અત્યંત કાળજીપૂર્વક તેને સંકટમાંથી બહાર કાઢી લીધી. PSI રાણાની આ ત્વરિત કાર્યવાહીને કારણે એક મોટી દુર્ઘટના ટળી ગઈ હતી. બાદમાં યુવતીને સલામત રીતે તે જ ટ્રેનમાં બેસાડી તેના ગંતવ્ય સ્થાન માટે રવાના કરવામાં આવી હતી.

જાહેર નોટીસ

મહેરબાન સુરતના એડીશનલ સ્મોલ કોઝ જડજ શ્રી બી.સી.ભલીયા સાહેબની કોર્ટમાં.
રૂમ નંબર – ૭૧૮, સાતમાં માળે, ન્યુ કોર્ટ બિલ્ડીંગ, અઠવાલાઈન્સ, સુરત.

આંક –
સ્મોલ દિ.મુ. નંબરઃ ૩૬૫ સને ૨૦૧૯.
વાદીના વકીલ શ્રી જતીન જે. ગાંધી/
વકીલ શ્રી શૈલેષ વી. જાદવાણી

વાદી :– સુરેશચંદ્ર બાલુભાઈ લાકડાવાલા વિગેરે.
વિરૂધ્ધ
પ્રતિવાદી :– ગલેમંડી ચાર સંપ્રદાય મંદિર ટ્રસ્ટ વિગેરે.

પ્રતિવાદી નંબર – (૧૪) :– વિરેન્દ્રભાઈ ગોવિંદભાઈ ડોબરીયા, ઉમર આશરે વર્ષ –પુખ્તવયના ધંધો –વેપાર, રહેવાસી – ડોબરીયા એસ્ટેટ, નગીનાવાડી સોસાયટીની બાજુમાં, સુમુલ ડેરી રોડ, સુરત.

પ્રતિવાદી નંબર – (૧૫) :– હસમુખભાઈ શંભુભાઈ ચોવડીયા, ઉમર આશરે વર્ષ –પુખ્તવયના ધંધો –વેપાર, રહેવાસી – ૧/૪૦૩, રૂબી એપાર્ટમેન્ટ, વરાછા રોડ, સુરત.

પ્રતિવાદી નંબર – (૧૬) :– પ્રવિણભાઈ વજુભાઈ ગજેરા, ઉમર આશરે વર્ષ –પુખ્તવયના ધંધો –વેપાર, રહેવાસી – ૧/૩–૧૦૦૪, મોડેલ ટાઉન એજન્સી, સારોલી સાંસ્કૃતિક ભવન પાસે, સારોલી, સુરત.

પ્રતિવાદી નંબર – (૧૭) :– પ્રફુલભાઈ ગોવિંદભાઈ ડોબારીયા, ઉમર આશરે વર્ષ –પુખ્તવયના ધંધો –વેપાર, રહેવાસી – ડોબરીયા એસ્ટેટ, નગીનાવાડી સોસાયટીની બાજુમાં, સુમુલ ડેરી રોડ, સુરત.

પ્રતિવાદી નંબર – (૧૮) :– વિઠ્ઠલભાઈ કેશવભાઈ ઝડફીયા, ઉમર આશરે વર્ષ –પુખ્તવયના ધંધો –વેપાર, રહેવાસી – ૩૦૨, એ/૧, અભિષેક બિલ્ડીંગ, સુદામા ચોક, મોટા વરાછા, સુરત.

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટીસ થકી જણાવવાનું કે, સદરહું દાવાના વાદીઓએ પ્રતિવાદી નંબર– (૧) ગલેમંડી ચાર સંપ્રદાય મંદિર ટ્રસ્ટના નવા ટ્રસ્ટીઓ તરીકે પ્રપોઝ પ્રતિવાદી નંબર–(૧૪) થી પ્રપોઝ રીસ્પોન્ડન્ટ નંબર–(૧૮) ના ઓના નામે પી.ટી.આર. માં દાખલ કરવામાં આવેલ જેથી તેઓને સદર દાવાના કામમાં પક્ષકાર તરીકે જોડવા માટે આંક –૪૮ થી સુધારા અરજી આપેલી જે સુધારા અરજીના પ્રોસેસોની વખતો વખત બજવણી કરવા છતાં બજી આવેલ નહીં જેથી આ કામના વાદીઓએ આંક–૫૧ થી તા. ૧૦/૧૧/૨૦૨૫ ના રોજ સી.પી.સી. ઓર્ડર–૫ રૂલ–૨૦ ના પ્રબંધ હેઠળ સદર સુધારા અરજીના પ્રપોઝ પ્રતિવાદી નંબર–(૧૪) થી પ્રપોઝ પ્રતિવાદી નંબર–(૧૮) ના ઓને જાહેર સમન્સથી બજવણી કરવા અંગેની અરજી આપેલી જે અરજી નામદાર કોર્ટે મુંજર કરેલ છે. જેથી આ જાહેર નોટીસ થકી સદર સુધારા અરજીના પ્રપોઝ પ્રતિવાદી નંબર–(૧૪) થી પ્રપોઝ પ્રતિવાદી નંબર–(૧૮) ના ઓ પોતે જાતે યા પોતાના વકીલશ્રી ય પ્રતિનિધિ મારફતે તા. ૨૭/૦૩/૨૦૨૬ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે નામદાર કોર્ટમાં હાજર થઈ જવૂબ રજુ કરે અને જો તેમ કરવામાં કસુર થશે તો નામદાર કોર્ટ સદર સુધારા અરજી સાંભળી કાયદા મુજબ સુધારા અરજીનો આખરી નિકાલ કરશે તેની નોંધ લેવી.

આજ તારીખ ૦૯ માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરીને આપ્યું.

તૈયાર કરનારઃ (કેનિલ બી.પટેલ) આસીસ્ટન્ટ
મુકાબલ કરનારઃ (એ.એસ.રબારી) સુપ્રિન્ટેન્ડન્ટ
હુકમથી (પી.કે.દેસાઈ) રજીસ્ટ્રાર સ્મોલ કોઝ કોર્ટ, સુરત

સુરત મહાનગરપાલિકા
કેન્ટીન ચલાવવા માટે ટુંકી મુદતની ક્વોટેશન (બીજો પ્રયાસ)

FIT INDIA

સુરત મહાનગરપાલિકાની મુગલીસરા ખાતેની મુખ્ય કચેરીમાં આવેલ કેન્ટીન ફર્નીચર સહિત એક વર્ષ માટે ભાડેથી ચલાવવા માટે સુરત મહાનગરપાલિકા અમલીકૃત DAY-NULM યોજના અંતર્ગત રચાયેલ સ્વ સહાયજુથો (SHG)/ એરીયા લેવલ ફેડરેશન/ સીટી લેવલ ફેડરેશન પૈકીના રસ ધરાવનાર સંસ્થાઓ/વ્યકિતઓએ નિયત ક્વોટેશન/ ઓફર ફોર્મ જમીન મિલકત વિભાગ (સેન્ટ્રલ ઝોન) કચેરીમાંથી રજા સિવાયના દિવસોએ તા.૧૦/૦૩/૨૦૨૬ ના રોજથી તા. ૧૭/૦૩/૨૦૨૬ સુધીમાં કામકાજના સમય દરમ્યાન મેળવી લઈ આ અંગેની જરૂરી વિગતો સહિત સીલબંધ ક્વોટેશન/ઓફર ફોર્મ તા.૩૦/૦૩/૨૦૨૬ ના રોજ સાંજે ૫:૦૦ કલાક સુધીમાં મુખ્ય હિસાબનીશશ્રી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતને ફકત રજી. એડી પોસ્ટ અથવા સ્પીડ પોસ્ટથી બાનાની રકમ પેટે સુરત મહાનગર પાલિકા, સુરતના નામનો રૂા.૨,૦૦૦/- નો ડીમાન્ડ ડ્રાફટ/ પે-ઓર્ડર સહિત મોકલી આપવા. કોઈપણ ક્વોટેશન/ઓફર ફોર્મ સ્વીકારવા કે રદ કરવાનો સુરત મહાનગરપાલિકાનો હકક અબાધિત રહેશે અને તે અંગે કોઈ કારણો આપવામાં આવશે નહિ.

ઉપરોકત કામની વધુ વિસ્તૃત વિગતો જમીન મિલકત વિભાગ, સેન્ટ્રલ ઝોન તેમજ www.suratmunicipal.gov.in વેબ સાઈટ પર ઈ. સર્વિસીસ/ટેન્ડર સેકશન પરથી મળી શકશે.

એડી.સીટી ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

નં.પીઆર.ઓ./૭૨૮/૨૦૨૫-૨૬
તા. ૦૯/૦૩/૨૦૨૬

Surat Municipal Corporation
North Zone (Katargam)

FIT INDIA

E-Tender (Online) Invitation Short Notice: DEPUTY MUNICIPAL COMMISSIONER/NZ/17/2025-26 the Tenders are invited online on https://smctender.nprocure.com from Experienced Government approved Contractor with following schedule:

NAME OF DEPARTMENT	NO. OF WORK	TOTAL ESTIMATED COST
ROAD	03	31,95,01,037.10 + G.S.T
DRAINAGE	04	1,65,01,383.22
HOUSING	01	ITEM RATE TENDER

The details tender notice will be made available on website www.suratmunicipal.gov.in

Deputy Municipal Commissioner [D]
North Zone (Katargam)
Surat Municipal Corporation

No. P.R.O./722/2025-26
Date: 09-03-2026

ગુજરાત સરકાર
જળસંપત્તિ વિભાગ.
નિવિદા નં.૧૫, સને ૨૦૨૫-૨૬
પંચાયત સિંચાઇ વિભાગ, વલસાડ.

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત સિંચાઇ વિભાગ, વલસાડ ધ્વારા ચેકડેમ/ ચેકડેમ કમ કોઝવે, સામુહિક કુવા, પાણી પુરવઠાના મરામતના કુલ - ૮૮ કામો, જેની અંદાજીત કિંમત રૂ. ૮.૮૫ લાખથી રુ. ૪૭.૧૬ લાખ સુધીના માટે ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ, નર્મદા, જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં માન્ય કક્ષામાં રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદારશ્રીઓ પાસેથી ઓન લાઇન ઇ-ટેન્ડરીંગ સીસ્ટમથી એસ.બી.ડી. ફોર્મમાં ટેન્ડરો મંગાવવામાં આવે છે. ટેન્ડરો તા.૧૩/૦૩/૨૦૨૬ થી ઓનલાઇન જોઇ શકાશે.

૧. ઓનલાઇન ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય	તારીખઃ૨૮/૦૩/૨૦૨૬, ૧૮-૦૦ કલાક સુધી.
૨. ફિઝીકલ ડોક્યુમેન્ટ (ટેન્ડર ફી અને બાનાની રકમ) મોકલવાની તારીખ	તારીખ- ૦૪/૦૪/૨૦૨૬ સુધી કચેરી સમય દરમ્યાન રજી. પોસ્ટ એ. ડી. /કુરીયર/ સ્પીડ પોસ્ટ દ્વારા (દરેક કામવાર ફરજીયાત અલગ અલગ કવરોમાં ડોક્યુમેન્ટસ મ